માનવી અત્યંત પ્રગતિશીલ પ્રાણી છે. રોજ રોજ કાંઈ નવું કરવા હંમેશા તત્પર રહે છે. પણ ક્યારેક ક્યારેક નીતિ-નિયમોને પણ નેવે મુકી દે છે. ઘ-૫ નજીક આવેલી ફૂટપાથ પર અસ્થાયી ઢાળ બનાવી વાહનોને નીયમ વિરૂદ્ધ વાહન પાર્ક કરવાનુ પણ ચુકતા નથી. (તસવીર : કશ્યપ નિમાવત)

સે-૧૧માંથી એકટીવા ચોરી કર્યા બાદ બે દિવસ ફેરવીને ચોર પાછું મુકી ગયો

વેપારીનું ચોરાયેલું એકટીવા તે જ સ્થળેથી મળી આવ્યું : લોક તુટેલી હાલતમાં હતું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં આજે આશ્ચર્યમાં મુકી દે તેવો કિસ્સો બનવા પામ્યો છે. બે દિવસ અગાઉનું રાત્રે ચોરી થયેલું વેપારીનું એકટીવા સે-૧૧માં જે સ્થળેથી ચોરી થયું હતું તે જ સ્થળેથી મળી આવ્યું છે. બે દિવસ અકટીવા વાપર્યા બાદ ચોર એકટીવા તે જ સ્થળે મુકી ગયો હતો. કોણ ચોરી કરીને ગયું હતું અને કોણ મુકી ગયું તે હજુ બહાર આવ્યું નથી પરંતુ એકટીવાનું લોક તુટેલી હાલતમાં હતું. આ વાહનચોરી અંગે વેપારીએ પોલીસમથકે જાણવા જોગ અરજી આપી હતી.

શહેરના સેકટર-૧૧ હોટલ હવેલી કોમ્પ્લેક્ષમાં ચશ્માની દુકાન ધરાવતા વેપારીએ તેમનું એકટીવા રાધે સ્વીટસ પાસે પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. શનિવારે રાત્રે વેપારી પોતાની શોપ બંધ કરીને ઘરે જવા નિકળ્યા ત્યારે તેમનું એકટીવા પાર્કિંગમાંથી ગાયબ હતું. કોઈ શખ્સ એકટીવા ચોરીને ભાગી ગયા હતાં. વેપારીએ આ વાહનચોરી સંદર્ભે સે-૭ પોલીસ મથકે જાણવા જોગ અરજી આપતા પોલીસે તપાસ શરૂ કરી હતી. દરમિયાન આજે સવારે વેપારી શોપ પર આવ્યા ત્યારે પાર્કિંગમાં જે સ્થળેથી એકટીવા ચોરાયું હતું ત્યાંથી જ તેમનું એકટીવા મળી આવતા આશ્ચર્યમાં મુકાઈ ગયા હતાં. એકટીવા ચોરી કરીને ભાગી ગયેલો શખ્સ તે જ સ્થળે ચોરેલું એકટીવા પરત મુકી ગયો હતો. એકટીવાનું લોક તુટેલી હાલતમાં હોવાથી ચોર એકટીવાનું લોક તોડીને ચોરી ગયો હોવાનું સ્પષ્ટપણે લાગી રહ્યું છે. જો કે આ બનાવ અંગે વેપારીએ પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો નથી.

આપણું નગર 'ગાંધીનગર' મહાત્મા બાપુનાં નામ પરથી રાખવામાં આવ્યું છે. જેમાં પવિત્રતા અને સત્યતા ભારોભાર હોવી જોઈએ. છતાં આ જ નગરમાં કડી સંકુલની બાજુમાં 'ઘ' રોડ પર ૨૨/૨ ની ફુટપાથો પર આ બિયરની ખાલી ટીન જોઈ હૃદયને ધક્કો જરૂર લાગે. આ આપણું નગર, રાજય નશાબંધીની હાકલ કરતું એ અત્યારે કયાં જઈ ઉભું છે...! (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ભાજપના આગેવાનોનો ગાંધીનગરમાં ખાસ વર્કશોપ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ખાતે આવતીકાલે પ્રદેશ ભાજપના આગેવાનોની મળનારી બેઠકમાં સ્ટેચ્યુ ઓફ યુનીટીના પ્રચાર અને પ્રસાર માટેનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે ગાંધીનગર ખાતે ભાજપના પ્રદેશ આગેવાનોની એક બેઠક મળનારી છે. આ બેઠકમાં ગુજરાતના તમામ ગામડાઓમાં નર્મદા નદીના બેટમાં નિર્માણ પામનાર સ્ટેચ્યુ ઓફ યુનિટી અંગે જનજાગૃતિ લાવવા અને સરદાર પટેલની પ્રતિમા માટે લોખંડ ઉઘરાવવા અંગેનો કાર્યક્રમ ઘડી કાઢવા ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમ ઘડી કાઢવામાં આવશે.

રાજયના તમામ જિલ્લાના સંગઠન અને તાલુકાના સંગઠનોને આ કાર્યક્રમ અંગેની રૂપરેખા આપવામાં આવશે અને ગામડાઓમાં જઈ ખેડૂતોને સ્ટેચ્યુ ઓફ યુનિટી અંગે જાણકારી આપીને સરદાર સરોવર નર્મદા બંધ નજીક નર્મદા નદીમાં સાધુબેટ ખાતે સરદાર પટેલની ઊંચી પ્રતિમાનું નિર્માણ કરવામાં આવનાર છે. આ માટે ખેડૂતોને તેમના લોખંડના ઓજાર આપીને સહભાગી થવા માટે યોગદાન આપવા માટે અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રચાર અને પ્રસાર માટે રાજયમંત્રીમંડળના મંત્રીઓના વડપણ હેઠળ પ્રતિનિધિ મંડળોને વિવિધ રાજ્યોના પ્રવાસે મોકલવામાં આવ્યા હતા અને વિવિધ રાજ્યોમાંથી ખેડૂતો પાસેથી હવે લોખંડ એકત્રિત કરવા માટેનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રજાપતિ સમાજનો નેત્રરોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં વસતા પ્રજાપતિ સમાજના જ્ઞાતિ બંધુઓ માટે ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા ગત તા. ૧૩ ડિસેમ્બરના રોજ નેત્ર રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા જ્ઞાતિ બંધુઓ માટે નિ:શુલ્ક નેત્ર રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. શહેરના સે-૧૭ ખાતે આવેલી સોહમ આંખની હોસ્પિટલ ખાતે યોજવામાં આવ્યો હતો. ડો. રાજેશ પ્રજાપતિએ દર્દીઓનું ચેક અપ કરી જરૂરી દવાઓનું વિતરણ કર્યું હતું. આ કેમ્પમાં સમાજના પ્રમુખ પોપટલાલ મહામંત્રી જશુભાઈ ઓઝા અને સંદીપ પ્રજાપતિએ કેમ્પમાં સહયોગ આપ્યો હતો.

સ્વામી યોગાનંદ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રકૃતિ શિક્ષણ શિબિર માણી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના જીઈબી કોલોની ખાતે આવેલી શ્રી સ્વામી યોગાનંદ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ તા. ૯ થી ૧૧ ડિસેમ્બર દરમિયાન ગીર ફાઉન્ડેશન દ્વારા આયોજિત પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો. આ શિબિરમાં વનભ્રમણ, પક્ષીદર્શન, વનસ્પતિ દર્શન, સર્પ તથા ડાયનાસોર વિશેની પ્રત્યક્ષ માહિતી મેળવવા જેવી પ્રવૃત્તિઓ કરી હતી.

કુદરત દ્વારા મળતા શિક્ષણને સર્વોત્તમ શિક્ષણ ગણી શકાય તેમજ પ્રકૃત્તિની ગોદમાં વ્યતિત કરેલ હર પળ અવિસ્મરણીય હોય છે. આથી યોગાનંદ હાઈસ્કૂલની ઈકો કલબના ૪૭ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકોએ ગીર ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ પ્રકૃતિ શિક્ષણ નિવાસી શિબિરમાં ભાગ લીધો હતો.

આ શિબિરમાં માર્ગદર્શક તરીકે તુષાર દવે, ખુમાનસિંહ વાઘેલા તથા નટવરસિંહે મહત્વની સેવાઓ આપી હતી. વનભ્રમણ, પક્ષીદર્શન, ઔષધિય વનસ્પતિ દર્શન, સર્પ તથા ડાયનોસોર વિશેની પ્રત્યક્ષ માહિતી દર્શન જેવી પ્રવૃત્તિઓ સાથે સાથે રાત્રિ સમય દરમિયાન આકાશ દર્શન અને પક્ષીઓ તથા વન્યજીવોનો નિકટતમ અનુભવ મેળવ્યો હતો. વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ જતનની ઉમદા ભાવના પ્રજવલ્લિત બને તેમજ પ્રદૂષણ તથા પર્યાવરણ માટેની જાગૃતતા કેળવાય તેવી અતિ મહત્વની બાબતો અંગે બાળકોને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. સમગ્ર શિબિર વિદ્યાર્થીઓએ ભારે ઉત્સુકતાથી માણી હતી.

ગાંધીનગર બાર એસોસીએશનનાં નવા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર બાર એસો.ના પ્રમુખ ગજેન્દ્રસિંહ કે. રાઠોડના અધ્યક્ષ સ્થાને શનિવારના રોજ ગાંધીનગરના વકીલોની વાર્ષિક સાધારણ સભા કોર્ટ ખાતે મળી હતી. જેમાં નવા હોદ્દેદારોની અને કારોબારી સમિતિની વરણી કરીને નવી બોડીની રચના કરવામાં આવી છે.

ગાંધીનગર બાર એસો.ના પ્રમુખ પદે વિજયસિંહ એ. વાઘેલા, ઉપપ્રમુખ તરીકે પી.ટી. અમીન, જીતેન્દ્ર કે. પટેલ, પી.એચ. દવે, મહામંત્રી તરીકે અમૃતજી બી. ઠાકોર, મંત્રી તરીકે જયેન્દ્રસિંહ પી. રાણા, સહમંત્રી વિજયસિંહ કે. ગોહિલ, ખજાનચી ધર્મેન્દ્રસિંહ એસ. કુંપાવત તથા કન્વીનર તરીકે વિનુભાઈ સી. પટેલ, સહ કન્વીનર કાલુભાઈ એમ. દેસાઈ, સંગઠન મંત્રી પદે રાજેશ જી. બારોટ અને મહિલા પ્રતિનિધિ તરીકે ઉર્મિલા સી. વર્માની વરણી કરવામાં આવી છે. તે ઉપરાંત વિક્રમ કે. પરમાર, મુનાફ જે. દિવાન, બળદેવભાઈ એસ. પરમાર, રોશન જે. બ્રહ્મભટ્ટ, સંદિપ કે. પટેલ, ગિરીશ એમ. અમીન, ચંદ્રવદન એમ. પરમાર, ગોવિંદ એલ. ટાંક તથા સોમવીરસિંહ એલ. ગેહલાવતની કારોબારી સભ્યો તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સંસ્મરણો વાગોળ્યા

ગાંધીનગર, તા.૧૬

કોલેજની યાદોને તાજી કરવા માટે અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ ખાતે તા. ૧૫ ડિસેમ્બરના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવ્યું હતું.

કોલેજમાં અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓ હાલમાં કઈ અને કેવી જોબ કરે છે તેમજ કોલેજમાંથી કેવું શિખ્યા અને કોલેજના સંસ્મરણોને વાગોળવા શેઠ ખિમજી વિશ્રામ હોલ સે-૨૩ ખાતે હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડની હાજરીમાં સાંજે ૩ થી ૬ દરમિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પટેલ કોલેજના ૩૦૦થી વધારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એકઠા થયા હતા ત્યારે અહીં ભણી ગયેલ વિદ્યાર્થીઓ વર્ષો બાદ પોતાના ગુરુને અને મિત્રોને મળતા ખુશ ખુશાલ મુદ્રામાં દેખાતા હતા. આ પ્રસંગે દરેક વિદ્યાર્થી પોતે હાલમાં શું કરે છે તેનો ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડો. કનુભાઈ પટેલ, પ્રો. ધર્મેન્દ્રભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

બ્રહ્મભટ્ટ સમાજના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના બ્રહ્મભટ્ટ સમાજના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે દિલીપસિંહ બ્રહ્મભટ્ટ, મહામંત્રી પદે વાસુદેવ અજબાણી, ઉપપ્રમુખ પદે નરેન્દ્ર બારોટ, નરેન્દ્ર બ્રહ્મભટ્ટ, કિશન બ્રહ્મભટ્ટની સંયુક્ત રીતે પંસદગી કરાઈ હતી. તેમજ સહમંત્રી પદે પણ ઉદય બ્રહ્મભટ્ટ અને દિનેશ બ્રહ્મભટ્ટ અને સંગઠન મંત્રી પદે અક્ષય બ્રહ્મભટ્ટ તથા જયેશ બ્રહ્મભટ્ટની સંયુક્ત પસંદગી કરાઈ હતી. ખજાનચી તરીકે શિરીષ રાણા અને આંતરિક ઓડીટર તરીકે ગોવિંદ બ્રહ્મભટ્ટ પસંદગી પામ્યા હતા. તેમજ અન્ય આઠ સભ્યોની સલાહકાર સમિતિની નિયુક્તિ કરવામાં આવી હતી.

ગુજરાત ક્ષત્રિય સભાની સાધારણ સભા

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત ક્ષત્રિય સભાની સાધારણ સભા તા. ૨૨મી ડિસેમ્બર રવિવારે બપોરે ૨ વાગે વિજાપુર તાલુકામાં વિહાર ચોકડી પાસે વિહાર કુકરવાડા રોડ પર આવેલ શ્રી હનુમાનજી મંદિર ખાતે રાખવામાં આવેલ છે. આ સભામાં સંસ્થાના સંગઠનની પ્રદેશ, જિલ્લા અને તાલુકા કક્ષાએ પુનઃ રચના, ક્ષત્રિય એકતા તથા સામાજિક અને રાજકીય બાબતોની ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

શહેર પેન્શનર્સ મંડળ દ્વારા

વીટકોસ બસ સર્વિસને શહેરમાં સરક્યુલર રૂટ શરૂ કરવા માંગણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ મંડળ દ્વારા શહેરના સેકટર-૧,૨,૭ અને ૮ના વસાહતીઓને વીટકોસની સર્વિસ મળે તેવી માંગણી કરવામાં આવી છે.

શહેરમાં છેલ્લા બે વર્ષથી શહેરી સર્વિસ માટે વીટકોસ બસો કાર્યરત છે. શહેરના છેવાડે આવેલા સે. ૧,૨,૭, ૮, ઈન્ડ્રોડા અને ધોળાકુવા ગામના રહીશોને આવન-જાવનમાં સમસ્યાઓ પડી રહી છે ત્યારે પેન્શનર્સ મંડળ દ્વારા એવી માંગણી કરવામાં આવી છે કે વીટકોસ બસને પથિકાથી ઘ-૦ થી ચ-૦, ચ-૧ થી ચ-૫, અક્ષરધામ, ૩૦ સર્કલથી ૨૮/૨૯થી સીધી ઘ-રોડ ઉપર દોડાવવામાં આવે.

શહેર ઉપરાંત ચિલોડાથી પથીકા અને અડાલજની સીધી સર્વિસ મળી રહે તે માટે વીટકોસ પાસે માંગણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ચિલોડાથી અડાલાજ દૈનિક આવન-જાવન કરતા વ્યક્તિઓની સંખ્યા પણ વધુ છે. ત્યારે મુસાફરો માટે ઘટતુ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

રૂપાલ સાંઈ મંદિર આશ્રમનાં પુજારીનું હૃદયના હુમલાથી મૃત્યુ

પખવાડીયા પહેલા જ અમરેલીથી સેવા-પુજા કરવા રૂપાલના મંદિરે રહેવા આવ્યા હતા : વિશેરા લઈ એફએસએલ મોકલાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક રાંધેજા રોડ પર રૂપાલ ખાતે સ્થિત સાંઈ મંદિર આશ્રમમાં સેવા પુજા કરતાં પુજારી બપોરના અરસામાં મંદિરમાં જ મૃત હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી પી.એમ. કરાવાતા હૃદયના હુમલાથી મૃત્યુ થયું હોવાનુ બહાર આવ્યું છે. પેથાપુર પોલીસે વિશેરાના સેમ્પલ લેવડાવીને એફએસએલ ખાતે મોકલી આપ્યા છે.

મળતી માહિતી મુજબ મુળ અમરેલી ના વતની અને ૧લી ડિસેમ્બરે એટલે કે પખવાડિયા પહેલા જ અમરેલીથી ગાંધીનગર પાસેના રૂપાલ સાંઈ મંદિર આશ્રમ ખાતે સેવા અર્થે ૬૨ વર્ષીય પુજારી ભરતભાઈ મહેતા જોડાયા હતાં. ગઈ કાલે બપોરના અરસામાં મંદિરમાં પુજારી જમીન પર ઢળેલી હાલતમાં મળી આવ્યા હતાં. ભરતભાઈ મહેતા પુજારીનો શ્વાસ રૂંધાઈ ચુકયો હતો. તાત્કાલિક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ફરજ પરના તબીબે તેમને મૃત હોવાનું જાહેર કરતા પોથાપુર પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે. પોસ્ટ મોર્ટમનાં પ્રાથમિક રિપોર્ટ પ્રમાણે મૃત્યુ હાર્ટ એટેકથી થયું હોવાનું બહાર આવ્યું છે. જો કે પોલીસે મૃતદેહ લેવડાવી એફએસએલ ખાતે તપાસ માટે મોકલી આપ્યા છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૧૭ વર્ષથી સ્વાદિષ્ટ ભોજન પિરસતી હોટલ ઘુંઘટ દ્વારા હોટલની સ્થાપનાના ૧૭માં જન્મદિવસ નિમિત્તે હોટલ માલિક દ્વારા શહેરમાં આવેલ વૃધ્ધાશ્રમોમાં, સમર્પણ બહેરા મુંગા શાળા અને શહેરમાં વસતા અનાથ બાળોકને મફત ભોજન પીરસી એક નવો ચીલો ચિતરવામાં આવ્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૬.૧૩

તાપમાન

મહત્તમ : ૩૦.૪ ડિ.સે.
લઘુત્તમ : ૦૯.૭ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
૫ હોબીટ(અંગ્રેજી) :૯.૧૦,૧૨.૨૫,૩.૪૦,૬.૫૫,૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૯.૨૫, ૧.૫૦, ૬.૧૫,૧૦.૪૦
વૉટ ૫ ફીશ : ૧૧.૩૦, ૩.૫૫, ૮.૨૦
: સ્ક્રીન-૩ :
રામલીલા : ૧૦.૪૦, ૪.૪૦, ૭.૪૦
આર. રાજકુમાર : ૧.૪૦, ૧૦.૪૦
: સ્ક્રીન-૪ :
આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૧૦.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લકી કબૂતર : ૧.૧૫, ૧૦.૩૦
રામ લીલા : ૪.૧૫
હેપ્પી ફેમીલી પ્રા.લિ. (ગુજરાતી) : ૭.૧૫

મૂર્તા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
આર. કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લકી કબૂતર : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
રામલીલા : ૧.૦૦, ૭.૦૦

સિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- જિલ્લા આંગણવાડી કેન્દ્રોના મજબૂતીકરણ તેમજ નવા નિર્માણ માટે ચિંતન શિબિર સવારે ૧૦.૦૦ કલાકે.

આપની આજ

મેષ : નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે.

વૃષભ : વિવાદોથી બચવું. વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

મિથુન : નવા કાર્યો માટે ભાગદોડ થશે. ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે. ભાગીદારોથી વિશેષ લાભ થવાની સંભાવના છે.

કર્ક : ભૌતિક સુધ પ્રાપ્ત થશે. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. વિદ્યાર્થીઓને ભણવામાં મન લાગશે.

સિંહ : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

કન્યા : વિશેષ લેવડ-દેવડથી બચવું. અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે .

તુલા : આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

મકર : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

કુંભ : સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદૃઢ બનશે.

મીન : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

ચિરવિદાય

- સ્વ. મનીષાબેન અમરતભાઈ પરમાર (ઉ.વ. ૨૯) બ્લોક ૨૨/૨, છ-ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. નાથાજી શીવાજી ઠાકોર (ઉ.વ. ૯૦) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.